દાખલ તારીખ : ૨૦/૧૨/૨૦૨૨
નોંધણી તા. : ૨૦/૧૨/૨૦૨૨
ફેસલ તારીખ : ૦૪/૦૨/૨૦૨૩
સમયગાળો :
વર્ષ–૦૦, માસ–૦૧, દિવસ–૧૫.

**ઉમરેઠના મે.એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ – ઉમરેઠ**

**ફોજદારી કેસ નંબર–૧૧૬૬/૨૦૨૨**
**આંક – ૧૧**

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** : પારૂલબેન વા/ઓ વખતસિંહ ફતેસિહ રાઠોડ
ઉ.વ.૩૮, રહે.પણસોરા ઈન્દીરાનગરી
તા–ઉમરેઠ, જીલ્લો– આણંદ.

**ગુનો :** ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એએ) મુજબ.

---

સરકાર તરફે : ઇન્ચાર્જ વિ.એ.પી.પી.શ્રી જે.સી.બારોટ
આરોપી તરફે : વિ.વકીલશ્રી ટી.કે.ગાંધી

---

**:: ચુ કા દો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૦-૦૫ વાગે મોજે પણસોરા ઇન્દીરાનગરીના રસ્તા પાસે વગર પાસ પરમીટનો દેશીદારૂ એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે ચાર લિટર જેટલો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ (ગુજરાત નશાબંધી સુધારા વટહુકમ ૨૦૧૬) ની કલમ-૬૫(એએ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) ફરિયાદ હકીકત મુજબ આરોપી વિરૂદ્ધ ભાલેજ પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૫૦૪૦૨૨૦૨૬૭/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર થતાં, તપાસ અધિકારીશ્રીએ તપાસ પૂર્ણ થતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. ગુનાના કામે સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ. સબબ આરોપી વિરૂદ્ધ ગુનાનું સંજ્ઞાન લઈ મારા પુરોગામી વિ.ન્યાયાધીશ સાહેબશ્રીએ **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૦** અન્વયે **આંક-૩** થી આરોપી વિરૂદ્ધ તહોમતનામું ફરમાવી **આંક-૪** થી આરોપીનો જવાબ/પ્લી નોંધેલ. જેમાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને આરોપીએ પોતાના વિરૂદ્ધ ફરમાવેલ તહોમતનો ઈન્કાર કરતાં કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવ્યું હતું.

(૩) ફરિયાદ પક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજૂ કર્યા છે.

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અરૂણકુમાર સુખલાલભાઇલ વસાવા | ૦૬ |
| ૨ | એફ.આઈ.આર. | ૦૭ |
| ૩ | સાહેદ અમનમીયા અકબરમીયા ચાવડા | ૦૮ |

| | | |
|---|---|---|
| ૪ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૯ |
| ૫ | સાહેદ મહેન્દ્રભાઇ હાંસુભાઇ વાળા | ૧૦ |

(૩.૧) ઉપરોક્ત રજૂ પુરાવા સબબ આરોપીનું **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩</u>** હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવાનો, બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કર્યો હતો અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેમના ઉપર ખોટો કેસ કરેલો હોવાનું જણાવ્યું છે.

(૪) પ્રસ્તુત કામે **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૪</u>** મુજબ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવી છે. સરકાર તરફે ઇન્ચાર્જ **વિ.એ.પી.પી.શ્રી જે.સી.બારોટે** દલીલ કરી છે કે, આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે, પાસ પરમીટ નહીં હોવા છતાં વેચાણ સારૂ દારૂ પોતાના કબજામાં રાખેલ હોઈ, સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી સજા કરવા ભારપૂર્વક દલીલ કરી છે. જ્યારે આરોપી પક્ષ તરફે **વિ.વ.શ્રી ટી.કે.ગાંધીએ** દલીલ કરી છે કે આ કામે પંચોને સમજ આપતું પ્રાથમિક પંચનામું કર્યું હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી, જેથી પંચનામું પુરવાર થયું નથી. ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થતો નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા જોઈએ.

## ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૪ (૧) (બી) મુજબ મુદ્દાઓ, નિર્ણયો અને કારણો

(૫) રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખતા આ કામે કેસનો ન્યાય નિર્ણય થવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દાઓ

1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૦–૦૫ વાગે મોજે પણસોરા ઈન્દીરાનગરીના રસ્તા પાસે વગર પાસ પરમીટનો દેશીદારૂ એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે ચાર લિટર જેટલો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ (ગુજરાત નશાબંધી સુધારા વટહુકમ ૨૦૧૬) ની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો આ કોર્ટની હકુમતમાં કર્યો છે ?
2. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે નીચે મુજબ નિર્ણય આપવામાં આવે છે.

1. નકારમાં.
2. આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

**<u>મુદ્દા નં.૧ અન્વયે :</u>**

(૭) આરોપી સામેનો **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ)** મુજબનો આક્ષેપ નિઃશંકપણે સાબિત કરવા માટે સૌ પ્રથમ તો આરોપી, રાજ્ય સરકારે રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરેલા જાહેરનામાથી નિર્દિષ્ટ કરેલ હોય તેથી **<u>ઓછા જથ્થામાં</u>** નશાકારકનું ખરીદ–વેચાણ કરતા હતા, કબજામાં રાખતા હતા અથવા પરિવહન કરતા હતા તેવી હકીકત ફરિયાદ પક્ષે પુરવાર કરવી પડે. આ "ઓછા જથ્થામાં" શબ્દોના અર્થઘટન માટે ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં નોટીફીકેશન **નં.GG**/65/2019/**VDR**/10/2019/2061/**E**–1,

**તા.૦૨/૦૭/૨૦૧૯** મુજબ માદક પદાર્થનો જથ્થો "૨૦ લિટર" નિયત કર્યો છે. જે

હકીકતોના સંદર્ભમાં જો ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્‌ભવતી ન હોય અને પુરાવો એક અતૂટ સાંકળની જેમ તેની દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવા સળંગ સ્વરૂપે રજૂ હોય ત્યારે આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. કોઈ પણ તારણ ઉપર આવતા પહેલા ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઝીણવટપુર્વક મૂલ્યાંકન કરવું જરૂરી છે.

(૮) ઉપરોક્ત ચર્ચા સંદર્ભમાં સૌ પ્રથમ પ્રસ્તુત કામે આરોપી વિરૂદ્ધના આક્ષેપની હકીકતોના સંદર્ભમાં પ્રોસીક્યુશન તરફે ફરિયાદી સાહેદ અરૂણકુમાર સુખલાલભાઈ વસાવાને આંક–૦૬ થી નોંધાયેલ સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને રાખવો ઉચિત જણાય છે. સાહેદે સોગંદ ઉપર જણાવ્યું છે કે, સને ૨૦૨૨ ના રોજ તેઓ ભાલેજ પો.સ્ટે. ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં જતાં પણસોરા ઇન્દીરાનગરી રસ્તા પાસે જઈ તપાસ કરતા આરોપી ઉપર શંકા જતાં તેને પંચોની હાજરીમાં તપાસતા તેના કબજામાં રાખેલ પ્લાસ્ટિકના ગેલનમાંથી ૩ લિટર દેશી દારૂ ભરેલ હોઈ તેની પાસે પાસ પરમીટ માંગતા નહીં હોવાનું જણાવેલુ, જેથી નમુનાનો દારૂ કાચની શીશીમાં લઈ વિગતવારનું પંચનામું કરી તેમણે ફરિયાદ આપેલી. સાહેદ આંક–૦૭ વાળી ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. સાહેદ બચાવ પક્ષે થયેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે કયા વાહનમાં પેટ્રોલીંગમાં નિકળેલા તે ફરિયાદમાં લખાવેલ નથી. સાહેદ એવુ પણ કબુલે છે કે, પંચોના નામ ફરિયાદમાં લખેલા નથી.

(૯) ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ કથિત મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે લેવામાં આવ્યો હતો. જે હકીકતના સંદર્ભમાં પ્રોસીક્યુશન તરફે પંચ સાહેદ અમનમીયા અકબરમીયા ચાવડાને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. આ સાહેદો આંક–૦૯ થી રજૂ મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ, પોતે એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરી હોવાનું અને

તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે લેવાયો નહીં હોવાનું જણાવતા હોઈ તેઓને ફરિયાદ પક્ષની વિનંતીથી ભારતીય પુરાવા ધારાની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે. તેઓની ફરિયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ થઈ છે, પરંતુ તેમાંથી પ્રોસીક્યુશનના કેસની હકીકતોને સમર્થનકર્તા કોઈ વિશેષ હકીકતો ફલીત થઈ શકી નથી. જેથી આ સાહેદના પુરાવાને આધારભુત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વળી, પ્રોસીક્યુશન તરફે તપાસવામાં આવેલા કોઈ સાહેદના પુરાવાથી પંચોને સમજ આપતુ પ્રાથમિક પંચનામું કર્યું હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

(૧૦) આ સિવાય આ કામે મહત્વના કહી શકાય તેવા તપાસ કરનાર અધિકારી સાહેદ મહેન્દ્રભાઈ હાંસુભાઈ વાળાને આંક-૧૦ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે સને ૨૦૨૨ ના રોજ તેઓ ભાલેજ પો.સ્ટેમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે વખતે હાલના ગુનાની તપાસ પોલીસ સ્ટેશન ઓફીસરે તેઓને સોંપતા, તપાસ સંભાળી ફરીયાદ અને સાથેના કાગળો મેળવી અભ્યાસ કરેલો અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. સાહેદ બચાવ પક્ષે થયેલ ઉલટતપાસમાં કબુલે છે કે, બનાવ વાળી વિસ્તાર ખુબ જ વસ્તીવાળો છે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી. ફરિયાદમાં કે તપાસમાં કયા વાહનમાં પેટ્રોલીંગમાં નિકળેલા તેનો કોઈ ઉલ્લેખ નથી.

(૧૧) ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, સ્થળ ઉપરથી મુદ્દામાલ પ્રતિબંધીત માદક પદાર્થનો જથ્થો કબજે લેવાયો હતો; તેમાંથી નમુનો એકત્ર કરીને એફ.એસ.એલ. માટે મોકલી આપવામાં આવ્યો હતો; આ તબક્કે પ્રોસીક્યુશન તરફે તપાસવામાં આવેલા સાહેદોના પુરાવા તથા રેકર્ડ ઉપરના આધારો ધ્યાને રાખતા જણાય છે કે એફ.એસ.એલ. પૃથ્થકરણનો અહેવાલ ઉપલબ્ધ નથી. ત્યારે એ હકીકત નોંધનીય છે

કે, જ્યારે કબજે લેવાયલ જથ્થો, પૃથ્થકરણ અહેવાલના અભાવે, પ્રતિબંધીત માદક પદાર્થ હતો તેવું સ્પષ્ટ પુરવાર થતું નથી. જે હકીકતની નોંધ લેતા હવે પ્રતિબંધીત માદક પદાર્થના જથ્થાની માત્રા અંગે ચર્ચા કરવી આ તબક્કે અસ્થાને છે. તેમ છતાં એક તબક્કે વિહંગાવલોકન કરવામાં આવે તો જ્યારે પ્રોસીક્યુશન તરફે બનાવ તારીખ, સમય અને સ્થળ ઉપર હાજર એવા તપાસવામાં આવેલા પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેમના સોગંદ ઉપરના પુરાવાથી પંચનામાની કોઈ હકીકતો પુરવાર થઈ શકી નથી ત્યારે કબજે લેવાયેલ જથ્થા અંગેની હકીકત પણ પુરવાર માની શકાય નહીં.

(૧૨) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો ન્યાયિક કાર્યવાહી દરમ્યાન પણ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા સારૂ બનાવ તારીખે, સમયે અને સ્થળે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં હાજર હોય તેવા ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે સોગંદ ઉપર તપાસીને પોતાનો કેસ વધુ મજબૂતપણે સાબિત કરી શક્યા હોત; તેવા કોઈ વ્યક્તિઓને આ કામે સાહેદ તરીકે રેકર્ડ ઉપર તપાસવામાં આવ્યા નથી. આમ, સબબ કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરિયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે.

(૧૩) તમામ રેકર્ડ અને ફરિયાદ પક્ષે રજૂ તમામ સાહેદોના પુરાવાનું કાયદાની પરિભાષામાં મૂલ્યાંકન કરતાં આરોપી વિરૂદ્ધનો કેસ પુરવારમાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ નિવડ્યો હોવાનાં તારણ ઉપર આ અદાલત આવે છે. ઉપરોક્ત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરની હકીકતોને ધ્યાને રાખતા આ કામે ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

1. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એએ) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. જો આ ચુકાદા વિરૂદ્ધ અપીલ થઈ ના હોય તો, અપીલ સમય પુરો થયા બાદ કબજે લેવાયેલ મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.
3. પ્રસ્તુત કામે આરોપી દ્ધારા રજૂ કરવામાં આવેલ જામીન અપીલ સમય પુરો થતાં સુધી અસ્તીત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૪ મી માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૦૪/૦૨/૨૦૨૩.
સ્થળ –ઉમરેઠ

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
Judge Code : GJ01606
એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,
ઉમરેઠ